| |
|---|
| **લોધિકાનાં મહેરબાન પ્રિન્સિપાલ સિવિલ જજ એન્ડ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,.**<br>શ્રી એમ.એ.પિપરાણી પ્રિન્સિપાલ સિવિલ જજ એન્ડ જ્યુ.મેજી.ફ.ક.સાહેબ<br>જજમેન્ટની તારીખઃ– ૦૪/૦૧/૨૦૨૩<br>ફોજદારી કેસ નં. ૫૫૧/૨૦૨૨<br>લોધિકા પો.સ્ટે સી.ગુન્હા રજી.નં.૧૧૨૧૩૦૩૦૨૨૦૪૪૮/૨૦૨૨ |
| ફરિયાદી ધી સ્ટેટ અથવા ફરિયાદીનું નામ |
| ફરિયાદપક્ષે તરફે વિ.વ.એ.પી.પી.શ્રી.ડી.એ.મોરડીયા |
| આરોપી યોગીરાજસિંહ નિરૂભા ગોહિલ રહે,આસ્થા રેસિડેન્સી ગેટ નં. ૩ મેટોડા જી.આઈ.ડી.સી.,તા.લોધિકા, જી.રાજકોટ |
| આરોપીપક્ષે વિ.વ.શ્રી.એફ.એન.દોઢિયા |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૯/૧૦/૨૦૨૨ |
| એફ.આઈ.આરની તારીખ | ૨૯/૧૦/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૧૨/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૦૭/૧૨/૨૦૨૨ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | ૦૮/૧૨/૨૦૨૨ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૦૯/૧૨/૨૦૨૨ |
| જજમેન્ટની તારીખ | ૦૪/૦૧/૨૦૨૩ |
| સજાનાં હુકમની તારીખ. જો હોય તો, | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ક્યા ગુન્હ ા હેઠળ ચાર્જ ફ્રેમ થયેલ છે | શું દોષી/ નિર્દોષ | સજાન ી વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી.રહેલ સમયગાળો સી આર.પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યોગીરાજ સિંહ નિરૂભા ગોહિલ | ૨૯/૧૦/૨૨ | ૨૯/૧૦/૨૨ | ૬૫ એએ | નિર્દોષ | – | – |

**<u>ફરિયાદપક્ષનાં સાક્ષીની વિગત..</u>**

| **ક્રમ** | **સાક્ષીઓનાં નામ.** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | અરવિંદભાઈ પમાભાઈ ચાવડા | પંચ સાહેદ |
| ૨ | અજયગીરી દિનેશગીરી ગૌસ્વામી | પંચ સાહેદ |
| ૩ | નેમીષભાઈ જગદિશભાઈ મહેતા | પોલીસ સાહેદ |
| ૪ | વિરેનદ્રસિંહ સવુભા ઝાલા | પોલીસ સાહેદ |

**<u>ફરિયાદપક્ષે આપવામાં આવેલ આંકની વિગત...</u>**

| **ક્રમ.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | આંક–પી/૮,૧૦,૧૧,૧૩ | મૌખિક પુરાવો |
| ૨. | આંક–પી/૯,૧૨ | દસ્તાવેજી પુરાવા |

**GJRJ090008082022**

| | |
|---|---|
| રજૂ તારીખ | –૦૭/૧૨/૨૦૨૨ |
| દાખલ તારીખ | –૦૭/૧૨/૨૦૨૨ |
| ફેસલ તારીખ | – ૦૪/૦૧/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ ૨૭દિવસ |

सत्यमेव जयते

**લોધિકાનાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.લોધિકા**

ફોજદારી કેસ નંબરઃ–૫૫૧/૨૦૨૨
આંકઃ–

શ્રી સ ર કા ર ...........ફરિયાદી.

<u>વિરુધ્ધ</u>

યોગીરાજસિંહ નિરૂભા ગોહિલ
રહે,આસ્થા રેસિડેન્સી ગેટ નં. ૩
મેટોડા જી.આઈ.ડી.સી.,તા.લોધિકા, જી.રાજકોટ

............આરોપી.

**ગુન્હો – પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબ**

---

ફરિયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી.શ્રી.ડિ.એ.મોરડીયા
આરોપી તરફે – વિ.વ.શ્રી એફ.એન.દોઢિયા

---

**<u>// ઠ રા વ //</u>**

૦૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તારીખઃ ૨૯/૧૦/૨૦૨૨ કલાક ૧૨.૧૫ વાગ્યે મેટોડા જી.આઈ.ડી.સી.ગેટ નં. ૩ માં આવેલ માધવ કાંટા પાસે રોડ પર આ કામનાં આરોપીએ પોતાનાં કબ્જામાં ગે.કા.રીતે પાસ પરમિટ કે આધાર વગર કાળા કલરનું એકટીવા મો.સા.રજી.નં.જી.જે.૦૩.એમ.સી.૪૯૧૧ વાળામાં કિ.રૂ. ૩૦,૦૦૦/– વાળામાં દેશી પિવાનો દારુ લિટર આશરે ૧૦ કિ.રૂ. ૨૦૦/– નો એમ કુલ મુદ્દામાલ કિ.રૂ. ૩૦,૨૦૦/–નો વેચાણ કરવાનાં હેતુસર રાખી મળી આવી તમો આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ)મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે તે મતલબની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા જે લોધીકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૩૦૩૦૨૨૦૪૪૮/૨૦૨૨ થી નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસને અંતે પુરતો પુરાવો મળી આવતા તે મુજબનું ચાર્જશીટ અત્રેની

કોર્ટમાં રજુ કરેલ.

૦૨) ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા, આ કામનાં આરોપીને અત્રેની કોર્ટ દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–૬થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી અને આંક–૭ પ્લી નોંધવામાં આવેલ અને આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરતાં. મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પર કામ મુલત્વી રાખવામાં આવેલ.

૦૩) ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો –</u>**

આંક–૦૮ થી પંચ સાહેદ અરવિંદભાઈ પમાભાઈ ચાવડાની જુબાની.
આંક–૧૦ થી પંચ સાહેદ અજયગીરી દિનેશગીરી ગૌસ્વામીની જુબાની.
આંક–૧૧ થી ફરિયાદી નેમીષભાઈ જગદિશભાઈ મહેતાની જુબાની.
આંક–૧૩ થી ત.ક.અધિકારીશ્રી વિરેન્દ્રસિંહ સવુભા ઝાલા ની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવો –</u>**

આંક–૦૯ થી પંચનામું
આંક–૧૨ થી ફરિયાદ

૦૪) ઉપર મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખ્યા બાદ આરોપી સામે પુરતો પુરાવો ન હોય તેમનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

૦૫) ત્યારબાદ આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એ દલીલ કરેલ છે કે, હાલનાં કામે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને માત્ર પોલીસ સાહેદોને જ તપાસવામાં આવેલા છે તેમજ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી જેથી પંચનામાની હકીકતો સાબીત થતી નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૦૬) હાલનાં કેસનાં ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની કોર્ટ દ્વારા નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

**<u>//મુદ્દા//</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખઃ ૨૯/૧૦/૨૦૨૨ કલાક ૧૨.૧૫ વાગ્યે મેટોડા જી.આઈ.ડી.સી.ગેટ નં. ૩ માં આવેલ માધવ કાંટા પાસે રોડ પર આ કામનાં આરોપીએ પોતાનાં કબ્જામાં ગે.કા.રીતે પાસ પરમિટ કે આધાર વગર કાળા કલરનું એક્ટીવા મો.સા.રજી.નં.જી.જે.૦૩.એમ.સી.૪૯૧૧ વાળામાં કિ.રૂ. ૩૦,૦૦૦/– વાળામાં દેશી પિવાનો દારુ લિટર આશરે ૧૦ કિ.રૂ. ૨૦૦/– નો એમ કુલ મુદ્દામાલ કિ.રૂ. ૩૦,૨૦૦/–નો વેચાણ કરવાનાં હેતુસર રાખી મળી આવી તમો આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.
૨. આખરી હુકમ મુજબ.

૦૮) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**<u>// કારણો//</u>**

**<u>મુદ્દા નં.૧–</u>**

૦૯) ફરીયાદપક્ષનાં કેસની હક્કીત કે જે પેરા–૧ જણાવેલી છે તેની સાબીતી માટે જોવામાં આવે તો હાલના કામે મુદ્દામાલ દારુ જે પંચનામાની વિગતે પંચો રુબરુ કબજે કરેલ તે પંચનામાંનાં પંચ સાહેદ અરવિંદભાઈ પમાભાઈ ચાવડાને આંક–૦૮ થી તથા પંચ સાહેદ અજયગીરી દિનેશગીરી ગૌસ્વામીને આંક–૧૦ થી તપાસતા આ બંને પંચ સાહેદોએ આંક–૦૯ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે અને તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલાની હકીકત જણાવે છે અને આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે તેનો ઈન્કાર કરેલો છે.

૧૦) હાલનાં કામે ફરિયાદ આપનાર તથા ત.ક.અધિકારી શ્રીને સોગંધ પર તપાસવામાં આવેલા છે. જે સાહેદો પોતાના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ અમો એલ.સી.બી.આર.આર.માં પો.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે અમો બધા લોધિકા પો.સ્ટે વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મેટોડા માધવા કાંટા પાસે રોડ ઉપર આવતા એક ઈસમ કાળા કલરનું એક્ટીવ મો.સા.માં આગળનાં ભાગે એક સફેદ કલરનું બાચકુ લઈને ઉભેલ હોય જે શંકાસ્પદ હાલતમાં જોવામાં આવતા જેથી બે રાહદારી પંચો બોલાવી પંચો રુબરુ મજકુર ઈસમનું નામ પુછતાં તેણે પોતાનું નામ યોગીરાજસિંહ નિરુભા ગોહિલરહે મેટોડાવાળો હોવાનું જણાવેલ જેની પાસે કુલ દેશીદારુની કોથળીઓ નં. ૫૦ મળી આવેલ જેમાં પંચો રુબરુ સુંઘી સુઘાડી જોતા જેમાંથી દેશી દારુ જેવી ખાટી અને તીવ વાસ આવતી હતી જેમાંતી તમામમાંથી થોડો થોડા દારુ એક કાચની બોટલમાં ૨૦૦ એમ.એલ. જેટલો લઈ બોટલ પર પંચોની સહીવાળી કાપલી લગાવી પી.એસ.આઈ શ્રી લોધીકાના હોદ્દાનું લાખનું સીલ કરી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબ્જે કરેલ અને બાકીનો દેશી દારુની કોથળીઓ નંગ–૫૦,લીટર–૧૦,કિ.રુ.૨૦૦/–નો તપાસણી અર્થે કબજે કરેલો તેમજ તેની પાસે રહેલ મો.સા.જી.જે.૦૩.એમ.સી.૪૯૧૧ કિ.રૂ. ૩૦,૦૦૦/– નું ગણી એમ કુલ કિ.રૂ. ૩૦૨૦૦/– નું કબ્જે કરેલ. આ અંગેની ધોરણસરની ફરીયાદ અમોએ પ્રોહી ક.૬૫એએ મુજબની લોધીકા પો.સ્ટેમાં ફરીયાદ આપેલ. સદર ફરીયાદ અન્વયે ગુનો રજી નોંધી રીપોર્ટ કરેલ. સદર ગુનો રજી કરવાનાં રીપોર્ટ અન્વયે પી.એસ.ઓ શ્રી ગુનો રજી નોધી આગળની તપાસ ડે.હું કરી સોપેલ. તપાસ મળતા લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

જ્યારે ઉપરોક્ત સાહેદોની આરોપીપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવસ્થળની જાહેર જગ્યા છે જેની આજુબાજુ અન્ય ઈસમોનાં કારખાનાઓ આવેલ છે અને પબ્લિકની અવરજવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે,અમારી ફરીયાદમાં પેટ્રોલીંગમાં ક્યા વાહનમાં ગયેલા તે મારી ફરીયાદમાં ક્યાય જણાવેલ નથી.એ વાત ખરી છે કે, પંચોને કોણે બોલાવેલા તેમજ પંચોનાં નામ શું હતા તે અમારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમો પેટ્રોલીંગમાં હોવા અંગેનો કોઈ આધાર પુરાવો આ કામે આઈ.ઓ. સમક્ષ રજુ રાખેલ નથી.

(૧૧) આમ, ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનાં દારુનાં કબજાનાં કેસમાં ફરીયાદપક્ષે પંચનામુ એ એક અગત્યનો દસ્તાવેજ છે.પરંતુ આ કામનાં મહત્વનાં સાહેદો પંચો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમની જુબાનીમાં પંચનામાની હકીકતો સાબીત

થતી નથી. ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું ગુણ–દોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો આ કામમાં એ હકીકતની નોંધ લેવી ઘટે બનાવવાળો વિસ્તાર કે જે જાહેર વિસ્તાર છે તેમ છતાં ફરીયાદપક્ષ દ્ધારા કોઈ સ્વતંત્ર સાહેદોને સાહેદ તરીકે દર્શાવાયેલાં નથી કે તપાસેલાં નથી.

**ફરીયાદ તથા પંચનામાનું પુરાવાકીય મુલ્યઃ –**

ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરુધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી."પુરાવાનું મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી,પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદ પક્ષ દ્ધારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે દરેક કેસની હકીકતો પુરાવાની આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીત અને ના સાબિત વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહે છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહી સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબક્કે  પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવવા માટે ફરીયાદપક્ષે એવું સાબીત કરવું પડે કે જે મુદ્ધામાલ દારુ મળી આવેલો તે આરોપીના કોન્શીયસ પઝેશનમાં હતો. પરંતુ આ કામે ફરીયાદપક્ષ દ્ધારા તેઓ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે તેવું સાબીત થઈ શકે કે મુદ્ધામાલ દારુ આરોપીના કબજામાં હતો.

(૧૨) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના પંચ સાહેદો તેમની જુબાની દરમ્યાન પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવતા નથી તેમની હાજરીમાં કહેવાતો મુદ્ધામાલ દારુ કબજે લેવામાં આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપતા ન હોય, પંચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરુપ કે ઉપયોગી બનતો નથી. વધુમાં, રજુ પોલીસ સાહેદની જુબાની જોવામાં આવે તો, કહેવાત ો બનાવ સ્થળ જાહેર સ્થળ

છે તેમજ પબ્લિકની અવરજવર રહેતી હોય છે બનાવની તપાસનાં કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો નોંધવામાં આવેલ નથી. આમ,જે હકીકતની નોંધ લેતા એવું ફલીત થાય છે કે, બનાવસ્થળેથી સ્વતંત્ર સાક્ષી મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાક્ષીનાં નિવેદનો તપાસનાં કામે લેવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો પોતાની ઉ.ત. માં જ્યારે એવું જણાવતા હોય કે, અમો જે વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલા તે વાહન સરકારી હતું કે પ્રાઈવેટ તે સમગ્ર તપાસમાં ક્યાંય જણાવેલ નથી તેમજ ફરિયાદમાં ક્યાંય પણ પંચોનાં નામ સરનામાની વિગત જણાવવામાં આવેલ નથી. ત્યારે તપાસનાં કામે થયેલ કામગીરી શંકા પ્રેરિત કરે છે. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા બનાવના દિવસે આરોપીના પોતાનાં કબ્જામાંથી દેસી દારૂ લિટર ૧૦ કિ.રૂ. ૨૦૦/−નો મળી આવેલ હોય તેવી હકીકત બાબતે રજુ પુરાવાથી શંકા પ્રેરીત થાય છે. આમ, હાલનાં ગુન્હાનાં કામે આરોપીને તેની સામેના ગુનાહીત કૃત્ય બદલ જવાબદાર ઠરાવી શકાય તેવો સબળ પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિધ્ધાંત છે કે, ફોજદારી કામમાં આરોપીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાની હોતી નથી. પરંતુ, ફરીયાદીએ પોતાના કેસની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે જે ફરીયાદપક્ષ દ્વારા સાબીત કરવામાં આવી નથી ત્યારે આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબીત કરતા ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

ઉપરોકત તમામ ચર્ચાનાં અંતે નામદાર ઉચ્ચ અદાલતોના પુરાવાકિય બોજા સંદર્ભે માર્ગદર્શક સિંધ્ધાત લક્ષમાં રાખી જોઈએ તો:−

" An accused for discharging the burden of proof placed upon him under a statute need not examine himself. He may discharge his burden on the basic of the material already brought on records. An accused has constitutional rights to maintain silence. Standard of proof on part of an accused and that of the prosecution in a criminal case is different.

Furthermore, whereas prosecution must prove the guilt of an accused beyond all reasonable doubt, the standard of proof so as to prove a defense on the part of an accused is "Preponderance of probabilities" Inference of Preponderance of probabilities can be drawn not only from the material brought on records by the parties but also by reference to the circumstances upon which he relies.

આમ, ફરિયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ તેના ઉપર બચાવ પુરવાર કરવાનો જે બોજો રહેલો છે,તેના માટે પોતાનો પુરાવો રજુ કરવો જરુરી નથી,પરંતુ જે ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરાવો રજુ કરેલો હોય તેનાથી પણ પુરવાર કરી શકે અને સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કેસમાં જે ફરિયાદી પર હોય છે,તેટલું આરોપી ઉપર ન હોય.કારણ કે,ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવાનો હોય છે ત્યારે આરોપીએ ફકત શંભવિતતાની માત્રા દર્શાવવાની હોય છે.આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ જોઈએ તો આરોપીપક્ષે ફરિયાદીના રજુ પુરાવામાં માની શકાય તેવી

શંભવિત શંકા ઉત્પન્ન કરેલ હોય ત્યારે પુરાવાનો ભાર ફરિયાદ પક્ષ પર ખસી જાય છે, અને તે મુજબ ફરિયાદપક્ષે સબળ પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરવાનો રહે છે પરંતુ ફરિયાદપક્ષ તેવો કોઈ સબળ પુરાવો રજુ કરવામાં ઉપર કરેલ ચર્ચા મુજબ સફળ રહેલા નથી જેથી મુદા નં.૧નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નિચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપી યોગીરાજસિંહ નિરૂભા ગોહિલ રહે,આસ્થા રેસિડેન્સી ગેટ નં. ૩ મેટોડા જી.આઈ.ડી.સી.,તા.લોધિકા, જી.રાજકોટનાઓને પ્રોહીબીશન એકટની કલમ-૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં જુના જામીનદારને છ માસ સુધી જામીન તરીકે ચાલુ રાખવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યેથી નિયમોનુંસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે અપિલ સમય વિત્યેથી કાયમ કરવામાં આવે છે અને જો હુકમ કરવામાં આવેલ ન હોય ત.ક.અ.શ્રીએ મુદ્દામાલ વાહન અંગે માલિકીપણા અંગેનાં દસ્તાવેજોની ખરાઈ કરી જરૂરી બોન્ડ લઈ જો અપિલ થાય તો અપિલ સમયે સદરહુ મુદ્દામાલ વાહન રજુ કરવાની શરતે તેનાં મુળ માલિકને પરત સોપવું.

આ હુકમમાં આજરોજ તારીખઃ૪થી,માહે-જાન્યુઆરી,સને-૨૦૨૩ નાં રોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

લોધિકા
તા.૦૪/૦૧/૨૦૨૩

(Mohammedyunus A.Piprani)
Principal civil Judge & J.M.F.C.
Lodhika.
**Code No.GJ01222**